જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૮/૨૦૨૫ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૪૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૩ કેસ કરી, ૭૦ વ્યક્તિઓને ઝડપી, ૬૪૧ લીટર દેશી દારૂ, ૧૧૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૧૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૯ બિયર ટીન, ૦૧ મોટર સાયકલ, ૦૨ સ્કુટર અને ૦૩ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧૭ કેસ કરી, ૬૫ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧૦,૧૯,૩૪૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૫૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૦૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૧૫૧/૨૦૨૫**

વાડજઃ નિયંતાબહેન વૈભવભાઇ શાહ (રહે.કંચનબાગ અગીયારસ માતાના મંદિર પાસે નવા વાડજ) એ તા.૧૪/૦૮/૨૦૨૫ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૭/૨૦૨૫ રાતના ૯/૩૦ થી તા.૧૪/૦૮/૨૦૨૫ સવારના ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નવા વાડજ ગામ સાકળચંદ બાપુની વાડી પાસે વિશ્વવિજય એપાર્ટમેન્ટ ખાતે આવેલ નિયંતાબહેનના મકાનના દરવાજાના નકુચા તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી (૧) સોનાની ચેઇન કિંમત રૂપિયા ૨,૧૦,૦૦૦/– (૨) સોનાના જુમખા કિંમત રૂપિયા ૭૦,૦૦૦/– (૩) સોનાની બુટ્ટી બે જોડી કિંમત રૂપિયા ૭૦,૦૦૦/– (૪) સોનાની બે વિંટી કિંમત રૂપિયા ૭૦,૦૦૦/– (૫) સોનાની રુદ્રાક્ષની માળા કિંમત રૂપિયા ૭૦,૦૦૦/– (૬) સોનાની બે વિંટી કિંમત રૂપિયા ૭૦,૦૦૦/– (૭) બે જોડી ચાંદીની પાયલ, ચાંદીનો જુડો, પગમાં પહેરવાના વિછીયા બે જોડી મળી કિંમત રૂપિયા ૩૦,૦૦૦/– તથા (૮) રોકડ રૂપિયા ૫૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૬,૪૦,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.વી.જોટવા ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૧૫૨/૨૦૨૫**

બોડકદેવઃ વિપુલભાઇ પુરષોત્તમભાઇ પટેલ (ઉ.વ.૫૩)(રહે. નંદનવન બંગલો, શિવ ગણેશ વિભાગ–૧ ગણેશ કોર્પોરેટ હાઉસની બાજુમાં, ઝાયડસ હેબતપુર રોડ, થલતેજ) એ તા.૧૩/૦૮/૨૦૨૫ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે સીગ્નેચર કોમ્પ્લેક્ષ ઝાયડસ હોસ્પીટલ રોડ જે.બી.પાન પાર્લર સામે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી બેગ ચોરી કરી લઈ ગઈ હતી. જે બેગમાં રોકડ રૂપિયા ૧૦,૦૦,૦૦૦/– તથા મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૫,૦૦૦/– તથા અગત્યના દસ્તાવેજ હતા. આ અંગેની ફરીયાદ વિપુલભાઈ પટેલે બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી છત્રસિંહ રામભા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૧૫૩/૨૦૨૫**

ઘાટલોડીયાઃ વિવેકકુમાર સતેન્દ્રકુમાર (રહે.વડવાળાનગર, વિભાગ–૨ પ્રીત રેસીડન્સી સામે, સોનલ ચાર રસ્તા પાસે મેમનગર) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૮/૨૦૨૫ સાંજના ૭/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેશભાઇ પ્રભાતભાઇ ચલાવે છે.

નિકોલઃ મનુભાઈ નારાયણભાઈ શાહ (૬.વ.૭૪)(રહે.સમય રેસીડેન્સી, ક્રિશ ગોલ્ડ સામે, નિકોલ) એ એ અગમ્ય કારણસર તા.૦૬/૦૮/૨૦૨૫ રાતના ૧૦/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધું હતું. સારવાર માટે તેમને નવા નરોડા પ્રમુખ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૩/૦૮/૨૦૨૫ સાંજના ૭/૪૦ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેશકુમાર દલપતભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી